

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*હવે ઘેર ઘેર યોગ કરી, સૌ રોગને ભગાડો!*
*કોરોના સામે 'આત્મનિર્ભર'નાં ડાકલાં વગાડો!*
*સજાવો 'સૂત્રો'નાં શસ્રો જીતો શબ્દોથી સંગ્રામ -*
*'બલિદાન વ્યર્થ નહીં જાય' કહી 'શક્તિ' જગાડો!*
*(શબ્દોના સાથિયા પૂરતી સરકાર)*

### હાઈકુ

*'બલિદાન'નો*
*'અમે બદલો લેશું' -*
*શબ્દોમાં સૂરા...*

*આવ્યું આગણે -*
*'યુદ્ધ' હવે વગાડો -*
*'લપોડ' શંખે!*

### ચિંતન

**ધર્માર્થૌ યત્ર ન સ્યાતાં શુશ્રુષા વાપિ તદ્વિધા ।**
**તત્ર વિદ્યા ન વક્તવ્યાશુભં બીજમિવોષરે ॥**

ઉપરોક્ત શ્લોક 'સુભાષિત રત્નાવલી' માંથી લેવામાં આવેલ છે.

જ્યાં ધર્મ અને અર્થ ન હોય તેમજ વિદ્યા અને શુશ્રુષા ન હોય ત્યાં વિદ્વાનોએ પ્રવચન ન કરવું જેવી રીતે ખારાપાટ જમીનમાં બી વાવવું નકામું છે.

જે લોકો અધર્મી - રાક્ષસ જેવા હોય જેને જ્ઞાન સમજ સાથે કઈ લેવાદેવા નથી ત્યાં અને જે વિદ્યાની કદર નથી કરી શકતો ત્યાં વિદ્વાન માણસે પ્રવચન બોધ કથા કરવી ન જોઈએ.

જે સમાજ સંકુચિત હોય અને કથાનો મર્મ સમજી ન શકે તેવા કટ્ટરવાદી લોકો - ઊંડાણને પામી શકતા નથી ત્યાં તેમની 'ભાગવત્' વાંચવું એટલે ભેંસ પાસે...

### સુવિચાર

- ન મેં ગિરા, ઔર ન મેરી ઉમ્મીદોં કે મિનાર ગિરે,
  પર... લોગ મુઝે ગિરાને મેં કંઈ બાર ગિરે - **શ્યામસુંદર**
- વાસ્તવિકતા અને અપેક્ષા વચ્ચેનું અંતર એટલે 'સમસ્યા' - **અખંડ આનંદ**
- વૃત્તિ શ્રેષ્ઠ હોયતો - કોઈ પણ પ્રવૃત્તિ શ્રેષ્ઠ જ થવાની - **પદ્મસૂરી સાગર**
- જે પરીવારમાં દુ:ખ વહેંચવાની હરિફાઈ ચાલતી હોય ત્યાં ખુદ વિધાતા સુખની લ્હાણી કરવા નીકળે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- અંકોની વ્યાખ્યા પણ કેવી વિચિત્ર કહેવાય. જયારે કમાવા જાવ ત્યારે ૧ કરતા ૨ મોટો ગણાય, અને સ્પર્ધામાં હોવ ત્યારે ૨ કરતાં ૧ મોટો ગણાય - **બ્રાયન ટ્રેસી**
- જયારે લોકો તમને ફૂટબોલ સમજીને કિક મારે છે ત્યારે એ લોકોને ખબર નથી કે એ લોકો જ તમને ગોલ તરફ લઈ જઈ રહ્યા છે - **મુંબઈ સમાચાર**
- આજનું ઔષધ : પરસેવાને લીધે થતી ખંજવાળ પર ખાટું દહીં લગાડી દસ મીનીટ પછી સ્નાન કરવાથી ખંજવાળ મટે છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક માણસને પોતાના માટે જોડા ખરીદવા હતા. બજારમાં જતાં પહેલા જાતે ફુટપટ્ટીથી પગના પંજાનું માપ ઘરે લીધું. બજારમાં ગયો. જૂતા જોયા પણ પોતાના પગનું માપ ભૂલી ગયો હતો. એણે દુકાનદારને એક બૂટની જોડી તરફ આંગળી ચીંધી ને કહ્યું 'આ જોડી મારા માટે મૂકી રાખજો.'... હું હમણાં આવું છું. એ ઘરે ગયો. પગનું માપ ફરીથી લીધું. પાછો બજારમાં પહોંચ્યો. એણે જોયું તો બધા જ જોડા વેંચાઈ ચૂક્યા હતા. જૂતા ન ખરીદી શકવાની કમનસીબીના રોદણાં એ રોતો હતો ત્યાં એક માણસે એને કહ્યું, 'ભલા માણસ, પગનું માપ લેવા તમે ઘરે શા માટે ગયા? અહીંયા જેટલા બૂટ હતા તે એક પછી એક પહેરીને એમાંથી કયા તમારા પગમાં બરાબર બંધ બેસે છે તે જોઈ લીધું હોત તો ?' પેલા માણસે કહ્યું, 'મારા પગના પંજા કરતાં મેં લીધેલા માપ પર મને વધારે ભરોસો હતો.' સારાંશ એ છે કે કોઈ ધ્યેયપૂર્ણ કરવા માટે જડ નિયમોને સખ્તાઈપૂર્વક વળગી રહીને એનું પાલન કરવામાં આવે તો આગળ જતાં મુશ્કેલી ઊભી થાય છે આપણે હંમેશા એ યાદ રાખવું જોઈએ કે કોઈ પણ ધ્યેય સિદ્ધ કરવા માટે મોટાભાગે એક-કરતાં વધારે રસ્તા હોવાનું જ. આવા રસ્તાને અમલમાં મૂકવા માટે ખુલ્લું મન રાખવું જોઈએ અને વધારે વ્યવહારિક હોય એવા માર્ગને અમલમાં મૂકવો જોઈએ.

# પેટ્રોલ ડિઝલનો ભાવવધારો અસહ્ય છે

**તંત્રીસ્થાનેથી...**

છેલ્લા પંદર દિવસથી રોજેરોજ પેટ્રોલ અને ડિઝલના ભાવમાં ઝીંકાઈ રહેલો વધારો દેશની પ્રજા મૂંગે મોઢે સહન કરી રહી છે. એક તબક્કે રાજધાની દિલ્હી ખાતે ડિઝલ પેટ્રોલ કરતાં મોંઘું થઈ ગયું તે સૂચક છે. મર્યાદિત બજેટ વાળા મધ્યમ વર્ગને પેટ્રોલની ગાડી કરતાં ડીઝલની ગાડી પરવડે એળો વ્યાપક ખ્યાલ સર્વવિદિત છે. હવે બે તૈલી પદાર્થો વચ્ચે કોઈ ફરક રહેવા નથી પામ્યો. લોકડાઉનના પ્રલંબ સમયગાળા દરમિયાન પ્રજાના વિવિધ વર્ગોની સાથે જ સરકારને પણ એની તિજોરીમાં તળિયાં દેખાવા લાગ્યાં હતા. ત્યાં સુધી કે કર્મચારીઓના પગાર કરવાનાં પણ ફાંફાં પડી રહ્યાં છે. આથી 'જાન અને જહાન' - બેઉની જાળવણી ખાતર સરકારે બરાબર એવા સમયે 'અનલોક' પ્રક્રિયા શરૂ કરી છે જયારે કોરોના પુરબહાર ઊંચીને ઊંચી ફલાંગો અને છલાંગો ભરી રહેલ છે. પ્રજા માટે તો ચૂલો સળગતો રાખવા માટે કામધંધે વળ્યા વિના છૂટકો જ ન હતો. એથી 'દેશ'માં ચાલ્યા ગયેલા શ્રમિકો પણ નીચી મૂંડી કરીને સુરત જેવાં શહેરોમાં પાછા આવવા લાગ્યા છે. ઘણા ઉદ્યોગો ખોડંગાતા ખોડંગાતા ચાલુ થઈ ગયા છે.એ સંજોગોમાં સ્વાભાવિક રીતે જ પ્રજાની અવરજવર વધી જવાની. સરકાર જાણે પેલા લુચ્ચા શિયાળની જેમ અથવા ચતુર કાગડાની માફક દ્રાક્ષની લૂમ કે પુરી સામે ટીકીને બેઠી હોય એમ એને આવક વધારવાનો કીમિયો જડી ગયો. સતત પેટ્રોલ અને ડીઝલમાં ભાવવધારો ઝીંકી એણે પ્રજાનાં ખીસ્સા ખાલી કરાવવા માંડ્યાં છે. હકીકતમાં તેલ ઉત્પાદક ખાડીના દેશોમાં જયારે ક્રૂડ ઓઈલના ભાવ તળિયે ગયા ત્યારે આપણા મહાન દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ આસમાને પહોંચ્યા છે. પ્રજા લાચાર છે. એની પાસે ચૂંટાયેલી સરકાર સામે રસ્તા પર આવી સામૂહિક વિરોધપ્રદર્શન કરવાની ક્ષમતા જ નથી રહી. માર ખાવા ટેવાયેલી પ્રજાની માનસિકતા બરાબર સમજી ગયેલી સરકાર દિનપ્રતિદિન કોરડા વીંઝ્યે રાખે છે અને પ્રજા એ ચુપચાપ સહી રહી છે. નીતિ શાસ્રના નિર્માતા વિદુર અને ચાણક્યે તો રાજાને પ્રજા પાસેથી કેવી રીતે કર વસૂલવો એનું સરસ દૃષ્ટાંત રજૂ કર્યુ છે. મધમાખી ફૂલનો ચૂસે છે છતાં ફૂલનું સૌંદર્ય અને ઈયત્તા અકબંધ રહે છે. સરકારે પ્રજા પાસેથી મધમાખી ફૂલનો રસ ચૂચે છે એવી સલૂકાઈપૂર્વક, એને જરા સરખો ઘસરકો પહોંચે નહીં એ રીતે કર વસૂલવો જોઈએ. આ નીતિશાસ્ર આપણા બહુશ્રુત વડાપ્રધાન અને નાણામંત્રી પચાવી ચૂકેલા છે. પરંતુ એનો અમલ કરવાને બદલે પોતાની ખાલી થઈ ગયેલી તિજોરી ભરવાના જ અવનવા નુસખા સરકારને સૂઝી રહ્યાં છે. માંદલી, અપાહિજ કોંગ્રેસ બળદગાડાંનું નાટક કરે એથી એમના પેટનું પાણી હાલવાનું નથી. કોરોનાએ પ્રજાની બોલતી બંધ કરી દીધી છે અને પ્રજાના પરસેવે પોતપોતાના 'આઈવરી ટાવર્સ'માં રહેતા સત્તાધીશોને છૂટ્ટો દોર આપી દીધો છે. ઈશ્વર બચાવે !

# રામચંદ્ર કહી ગયા સીયાને, એવો કળજુગ આવશે



**અમર વારસો**

ડૉ. રશ્મિકાન્ત મહેતા

આદિકવિ મહર્ષિ વાલ્મિકીની 'રામાયણ' (ઈ.પૂ. ૪૦૦) માં 'ઉત્તરકાંડ' છે. 'કળિયુગ કેવો હશે ?' એની ભવિષ્યવાણી - આગમવાણી, એમાં આપી છે.



(૧) સમાજ ચાર વર્ણોમાં વિભાજિત છે - બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર. દરેક વ્યક્તિની ચાર અવસ્થા છે - વિદ્યાભ્યાસ, ગૃહસ્થી, વાનપ્રસ્થ, સન્યાસ. દરેકના ધર્મો - કર્તવ્યો - નિશ્ચિત છે. પરંતુ આનું પાલન થશેનહીં, ફરજો નિભાવશે નહી.

(૨) અધિક બોલનારો પંડિતમાં ખપશે, મૂંગો મૂરખમાં ખપશે.

(૩) મન, વચન અને કર્મ ખોટા હોય, તો પણ સારો વક્તા કહેવશે.

(૪) બીજાનું ધન પડાવીલે, એ ચાલાક ગણાશે.

(૫) કહેવાતા સંતો અનિષ્ઠ કર્મો અને પાખંડમાં હશે.

(૬) સારા સંતો અને ગુરુજનો લોકનિંદા અને અપમાનનો ભોગ બનશે.

(૭) સન્યાસીઓ ધનિક બનશે અને ગૃહસ્થીઓ દરિદ્ર રહેશે.

(૮) કેટલીક વાર પુરોહિતો નિરક્ષર હોય, તો પણ એમનામાં લોભવૃત્તિ હશે, એ દૂર નહિ થાય.

(૯) શાસક પોતાની પ્રજાના હિતોની રખેવાળી નહિ કરે.

(૧૦) પુરુષો સ્રીના વશમાં રહેશે.

(૧૧) પુત્રનો માતાપિતા તરફનો પ્રેમ, લગ્ન થાય, ત્યાં સુધીનો જ રહેશે - પછી એમને સાસરું વહાલું થઈ જશે.

(૧૨) પોતાની પત્ની અને પોતાનાં બાળકો - આ જ કુટુંબ છે; એવી માન્યતા થઈ જશે. કુટુંબભાવના આ રીતે સીમિત થઈ જશે.

(૧૩) દુષ્કાળ વારંવાર પડશે. લોકોને અન્ન વગર પ્રાણ ત્યાગ કરવો પડશે.

(૧૪) સન્યાસીઓ ધનસંપત્તિથી મંદિરો સજાવશે.

(૧૫) લોકોમાં પરસ્પરની માનમર્યાદા નહિ રહે. સંતોષ નહિ રહે. લાંબુ વિચારવાની શક્તિ નહીં રહે, પાપ કરતા અટકાશે નહીં.

(૧૬) ધન નાશ પામે, કે કુટુંબીઓ ન રહે, તો માણસ સન્યાસી થશે.

(૧૭) જ્ઞાનની અધૂરપ હોય; એવા લોકો બોલકા હશે.

(૧૮) આ બધાં અવગુણો કળિયુગમાં હશે; તો પણ કળિયુગનો એક મોટો સદ્ગુણ આ હશે :

- સતયુગમાં યોગ અને જ્ઞાન દ્વારા સદગતિ થાય છે, મોક્ષ મળે છે.
- ત્રેતાયુગમાં અનેક પ્રકારનાં યજ્ઞો દ્વારા સદગતિ થાય છે, મોક્ષ પ્રાપ્ત થાય છે.
- દ્વાપરયુગમાં પૂજા અને એવી વિધિથી મોક્ષ મળે છે.
- પરંતુ કળિયુગમાં તો માત્ર શ્રીરામ ના ગુણોનું ગાન કરે એના ભજનનો આધાર લે, તો નિશ્ચિત પણે ભવસાગર સુખેથી તરી જાય છે અને સદ્ગતિને પામે છે. યોગ, જ્ઞાન, યજ્ઞ કરવાથી કશાની જરૂર પડતી નથી.

કળિયુગ કેવો હશે; એવી આગમવાણી આ રીતે વાલ્મિકી-રામાયણમાં મળે છે, એ રીતે બીજેથી પણ મળે છે - જેમ કે -

(૧) હરિવંશ, (ઉત્તર મહાભારત)નું ભવિષ્ય પર્વ (ઈ.પૂ. પહેલી સદી)

(૨) વિષ્ણુપુરાણ, છઠ્ઠો અંશ (ઈ.સ.૪૦૦-૫૦૦)

# ઉદયન ચીનુભાઈ કઈ રમત સાથે સંકળાયેલા છે?



**ખજાનો**

અનિલ પટેલ

## ખેલજગત

૧ ગુજરાતના કયા એકમાત્ર ખેલાડીને રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ મળ્યો છે ?
(અ) પાર્થિવ પટેલ (બ) ગીત શેઠ્ઠી
(ક) યુસુફ પઠાણ (ડ) રવિન્દ્ર જાડેજા

૨ ઓસ્ટ્રેલિયન ઓપન જુનિયર ટેનિસ ટુર્નામેન્ટ રમનાર ગુજરાતી પ્રથમ ખેલાડી કોણ છે?
(અ) વૈદિક મુનશા (બ) કૃપાલી પટેલ
(ક) હબીલ ખાન (ડ) દિનેશ ભીલ

૩ ગીઠ શેઠ્ઠી કઈ રમત સાથે સંકળાયેલા છે ?
(અ) ટેનિસ (બ) સ્કેટીંગ
(ક) ચેસ (ડ) બિલિયર્ડ

૪ ભારતીય ક્રિકેટ ઈતિહાસમાં સૌપ્રથમવાર સર્વશ્રેષ્ટ એમ્પાયર એવોર્ડ મેળવનાર ગુજરાતી ખેલાડી કોણ છે?
(અ) ગુલાબભાઈ ચૌહાણ (બ) નાનુભાઈ સુરતી
(ક) અમિષ સાહિબા (ડ) સુનિલ ગુપ્તે

૫ નેશનલ મેન ઓફ ધ માર્શલ આર્ટનો એવોર્ડ બે વખત મેળવનાર ગુજરાતી ખેલાડી કોણ છે ?
(અ) હબીબખાન (બ) હરમીત દેસાઈ
(ક) પૂજન પટેલ (ડ) રૂપેશ શાહ

૬ કઈ મહિલા યોગાકુમારી તરીકે ઓળખાય છે ?
(અ) કૃપાલી પટેલ (બ) વૈશાલી મકવાણા
(ક) પારુલ પરમાર (ડ) રુચા મિશ્રા

૭ ગુજરાતમાં રણજી મેચમાં સૌથી વધુ સદીઓ અને અર્ધ સદીઓ કોણે નોંધાવી છે ?
(અ) ધીરજ પરસાણા (બ) પાર્થિક પટેલ
(ક) મુકુન્દ પરમાર (ડ) યુસુફ ખાન

૮ બેડમિન્ટનમાં કઈ ગુજરાતી મહિલાને અર્જુન એવોર્ડ મળ્યો છે?
(અ) રુચા મિશ્રા (બ) વૈશાલી મકવાણા
(ક) કૃપાલી પટેલ (ડ) પારુલ પરમાર

૯ ધ્વજ હરિયા કઈ રમત સાથે સંકળાયેલ હતા ?
(અ) ટેબલ ટેનિસ (બ) બિલિયર્ડ
(ક) ચેસ (ડ) બાસ્કેટ બોલ

૧૦ નીચેનામાંથી કયા ખેલાડી બિલિયર્ડ અને સ્નૂકર રમત સાથે સંકળાયેલા છે ?
(અ) સતિષ મોહન (બ) રુપેશ શાહ
(ક) પૂજન પટેલ (ડ) ધ્યાની દવે

૧૧ ટેનિસમાં જુનિયર ડેવિસ કપ માટે પસંદ થનાર ગુજરાતનો પ્રથમ ખેલાડી કોણ છે ?
(અ) સમીપ મહેતા (બ) નિલોફર ચૌહાણ
(ક) પૂજન પટેલ (ડ) ધ્યાની દવે

૧૨ ઉદયન ચીનુભાઈ કઈ રમત સાથે સંકળાયેલા છે ?
(અ) ક્રિકેટ (બ) નિશાનેબાજી
(ક) સ્કેટીંગ (ડ) તરણ

૧૩ નીચેનામાંથી કઈ રમતના ખેલાડી તરીકે અચલા દેવરેએ નામના મેળવી છે ?
(અ) ખોખો (બ) કબડ્ડી
(ક) તીરંદાજી (ડ) યોગા

૧૪ દીપક શોધનનું નામ કઈ રમત સાથે જોડાયેલ છે ?
(અ) બેઝબોલ (બ) વોલીબોલ
(ક) હોકી (ડ) ક્રિકેટ

૧૫ ગુજરાતના કયા ખેલાડી દોડવીર તરીકે ઓળખાય છે ?
(અ) નાથુરામ પહાડે (બ) ભરત રતિલાલ દવે
(ક) ઝીણાભાઈ નાવિક (ડ) સુફિયાન શેખ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૨૬ જુન : માદક પદાર્થ વિરોધી દિવસ**
  - મરાઠી રંગભૂમિના અભિનેતા લાલ ગાંધર્વનો જન્મદિવસ (૧૮૮૮)
  - જેટ પ્લેનના શોધક વિલિયમ પોવેલ વિયરનો જન્મદિવસ (૧૯૦૨)
  - નોબેલ પારિતોષિક વિજેતા અમેરિકન મહિલા શ્રીમતી પર્લબર્કની જન્મજયંતિ (૧૯૯૨)
- **૨૭ જુન : (વિશ્વ ડાયાબિટીસ દિવસ)**
  - 'વંદે માતરમ્' ગીતના રચયિતા બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાયનો જન્મદિવસ (૧૮૩૮)
  - અપંગોના પ્રેરણામૂર્તિ હેલન કેલરની જન્મજયંતિ (૧૮૮૦)
  - 'પંજાબના હિંદ'ના નામે જાણીતા રણજીતસિંહનું અવસાન (૧૮૩૯)
  - પુરુષ સમોવડી ગુજરાતી નારી સુમતિબેન મોરારજીનું નિધન (૧૯૯૮)
- **૨૮ જુન :**
  - આમ પ્રજાથી માંડી રાજદરબાર સુધી પ્રતિષ્ઠા પામનાર યુરોપના મહાન ચિત્રકાર પીટર પોલ રુલિન્સનો જન્મદિવસ (૧૫૭૭)
  - ફ્રાન્સની ક્રાંતિના પ્રણેતા જિન જેક્સ રુસોનો જન્મદિવસ (૧૭૧૨)
  - પ્રખર આંકડાશાસ્રી પી.સી. મહલ્લા નોબિસનું નિધન (૧૯૭૨)
- **૨૯ જુન :**
  - સંતવાણીના સમ્રાટ નારાયણ સ્વામીનો જન્મદિવસ (૧૯૩૮)
  - પ્રખ્યાત બંગાળી કવિ માઈકલ મધુસૂદનનું નિધન (૧૮૭૭)
  - જાણીતા સાહિત્યકાર અને કવિ તુષાર દુર્ગેશ શુક્લનો જન્મદિવસ (૧૯૫૫)
  - યશોદર નર્મદાશંકર મહેતાની પુણ્યતિથિ (૧૯૮૯)
- **૩૦ જુન :**
  - હિંદના દાદાનું હુલામણું બહુમાન પ્રાપ્ત કરનાર દાદાભાઈ નવરોજીનું નિધન (૧૯૧૭)
  - દ.આફ્રિકામાં ભારતીય અધિકારો માટે આંદોલન દરમિયાન ગાંધીજીની ધરપકડ (૧૯૧૪)
  - બ્રિટન હોંગકોંગ ચીનને સોપ્યું (૧૯૯૭)
  - ભારતમાં પહેલી ટેક્સટાઈલ મીલ નાંખનાર પારસી ઉદ્યોગપતિ સર દિવાનજી માણેકજી પેષ્ટીનો જન્મદિવસ(૧૮૨૩)
  - **૧ જુલાઈ :** ડૉકટર દિવસ
  - નૂતન બંગાળના સમર્થ સર્જક જો વિદ્યાનચંદ્ર રાવનો જન્મદિવસ (૧૮૮૨)
  - ભારતીય શાસ્રીય સંગીતમાં બાંસુરી વાદનના પિતામહ હરિપ્રસાદ ચૌરસિયાનો જન્મદિવસ (૧૯૩૮)
  - દેશમાં પ્રથમ વખત સિંધમાં પોસ્ટ ટિકિટનું પ્રચલન ચાલું થયું. (૧૯૧૪)
  - ઈન્દિરા ગાંધીએ રાષ્ટ્રીય વિકાસ માટે વીસ સૂત્રીય કાર્યક્રમની જાહેરાત કરી (૧૯૭૫)
- **૧ જુલાઈ :**
  - ક્રાંતિકારી નેતા સુભાષચંદ્ર બોઝની કલકત્તામાં ધરપકડ થઈ (૧૯૪૫)
  - ભારત-પાકિસ્તાન વચ્ચે સિમલા કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા (૧૯૭૨)
  - જર્મનીના હરમાન હેસની જન્મજયંતિ (૧૮૭૭)
  - અમૃતલાલ સુંદરજી પઢિયારની પુણ્યતિથિ (૧૯૧૯)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**તાજેતરમાં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે કયા સ્થળે હિંસક ઝડપ થઈ જેમાં બંને પક્ષે સૈનિકો શહિદ થયા ? જવાબ : ગલવાન ઘાટી**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૬ (૨) હાર્દિક એન ભટ્ટ : સે-૨૪ (૩) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૪) નટુભાઈ દરજી : પેથાપુર (૫) મહેશ એમ જાદવ : રાયસણ (૬) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૭) મૂળજીભાઈ પરમાર : સે-૭

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**નેપાલના વડાપ્રધાનનું નામ શું છે?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# આત્મહત્યાની દુનિયા અને દુનિયામાં આત્મહત્યા



**રંગ-ઉમંગ**

કાનન ઓઝા

થોડા દિવસ પહેલા મધ્યપ્રદેશના ભૈયાજી મહારાજે ગોળી મારીને આત્મહત્યા કરી. ત્યારે દરેક વ્યક્તિને મનમાં પ્રશ્ન થાય કે, આખી દુનિયાને માર્ગદર્શન આપનાર, સલાહ આપનાર પોતે જ પોતાના માટે કેમ માર્ગદર્શન કે સલાહકાર ના બની શક્યા ? ત્યારે એવું કહી શકાય કે, આત્મહત્યા કર્યાના પૂર્વના તરત જ આવેલ વિચાર સામે વ્યક્તિની બુદ્ધિમત્તા કે મહાનતા હારી જાય છે. સાથે એવું પણ કહી શકાય કે, મહાન વ્યક્તિત્વ ધરાવનાર ભૈયુજી મહારાજ એકલા જ નથી. દુનિયામાં અનેકાનેક નામાંક્તિ - પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ પણ આત્મહત્યા કરેલી છે. પછી સામાન્ય માનવી મન કે વિચાર પર કાબૂ ના રાખી શકે અને આત્મહત્યા કરે તે સ્વીકાર્ય કે સ્વમાન્ય બાબત બની જાય છે.

આત્મહત્યા માટે અંગ્રેજીમાં Suicide શબ્દ વપરાય છે. જે મૂળ લેટીન શબ્દ Suicidium પરથી આવેલ છે. જેમાં બે શબ્દો સમાયેલા છે. Sui અને caedere જેનો અર્થ થાય છે. 'પોતાને મારવું'. જે માટે મુખ્ય બે કારણો સામાજિક અને આર્થિક. આ બે કારણોને લઈને વ્યક્તિમાં મુખ્યત્વે બે પ્રકારના વિચારો કબજો જમાવે છે. મનોવૈજ્ઞાનિક અને તાત્ત્વિક. વ્યક્તિ કશુક ઈચ્છે છે, પણ તેની ઈચ્છા પૂર્ણ થતી નથી. કદાચ અવરોધ આવતા પણ હોય અને અવરોધ ના પણ હોય. પણ એવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે કે વ્યક્તિ હારી જાય છે તેને એમ લાગે છે કે, મારી ઈચ્છા પૂર્ણ થતી નથી. તેને પૂર્ણ કરવાનો કોઈ જ રસ્તો નથી. અને હોય તો અપનાવી શકે તેમ નથી. ત્યારબાદ તે ઈચ્છાની પૂર્ણતા વગર જીવન જીવવું અશક્ય લાગે છે...ત્યારે લાગણીની અતિ તીવ્રતાને કારણે છૂટકારો મેળવવા વ્યક્તિ આપઘાત કરે છે. દા.ત. ૧૯૯૩માં ફલોરિડામાં રહેતી ૬ વર્ષની એક છોકરી ટ્રેનની સામે આવી ગઈ હતી. તેણીએ નોંધ્યું હતું કે, તે 'પોતાની માતા સાથે રહેવા માંગતી હતી.' જે બિમારીથી મૃત્યુ પામ્યા હતા. જે અશક્ય હતું. અંતે તેણી આત્મહત્યા કરે છે.

આત્મહત્યા કરવા પાછળના કારણો ઘણા છે. જેમ કે પ્રથમ અને મુખ્ય કારણ હતાશા. જેને અંગ્રેજીમાં ડિપ્રેશન કહે છે. જેને એક માનસિક બીમારી કહી શકાય. જેમાં ચિંતા અને વધુ પડતું પાગલપણું આવી જાય છે. કુલ આત્મહત્યામાંથી અડધાથી વધુ લોકો ડીપ્રેશનના કારણે કરે છે. ડિપ્રેશનની સ્થિતિ તેમના હકારાત્મક વિચારોને બદલી નાખે છે. નકારાત્મક વિચારોને મજબૂત બનાવે છે. બુદ્ધિગમ્ય અર્થમાં દરેક વ્યક્તિ માને છે કે મારા વગર સારું રહેશે. આઘાતજનક અનુભવ પણ આત્મહત્યાનું કારણ બની શકે. જેમ કે, કોઈ છોકરી પર બળાત્કાર થવો. પોતાના સ્વજનના મૃત્યુના સમાચાર સાંભળી પોતે આત્મહત્યા કરવી. શિક્ષક દ્વારા વિદ્યાર્થીને વર્ગમાં ક્ષોભજનક પરિસ્થિતિમાં મૂકવો. એકવાર દુભાયેલી અને શાંત વ્યક્તિ સામાન્ય રીતે શરમ અનુભવે છે. પસ્તાવો ઘણી વાર સાચો હોય તો પણ તે કયારેક ફરી આત્મહત્યા કરવાનો પ્રયાસ કરશે કે નહીં તે અનિશ્ચિત છે. તેઓ મદદ માટે રડતાં હોય છે. આ લોકો સામાન્ય રીતે મૃત્યુ પામે તેમ નથી માંગતા. કયારેક કોઈ ભય સતાવતો હોય ત્યારે પણ વ્યક્તિ આપઘાત કરી શકે. જેમ કે, કોઈ બાળક પોતાના વાલીથી ડરીને, આતંકવાદી સૈનિકથી ડરીને, કોઈને મારી નાંખવાની ધમકી આપી હોય ત્યારે પણ કેટલાક આપઘાત કરી લેતા હોય છે. વ્યક્તિ કયારેક કોઈ કારણ કે ડ્રગ્સ કે નશામાં ખૂબ જ આવેગ - લાગણીમાં આવી જાય છે. ત્યારે કેટલાક લોકો મૂઢ બની જાય છે અને તેમના પોતાના જીવનનો અંત લાવવાનો પ્રયાસ કરે છે. અહીં જણાવ્યા તે બધા કારણો મનોવૈજ્ઞાનિક છે. જેમાં ઉદ્ધત આંતરિક અવાજો ઘણીવાર દુર્બોધ કારણોસર આત્મ-વિનાશનો આદેશ આપે છે. તંદુરસ્ત, ઉચ્ચ - પ્રભાવશાળી વ્યક્તિઓ પણ હુમલો કરે છે.

આપઘાતત કરવાનું એક કારણ ફીલોસોફીકલ છે. ઘણી વખત દુ:ખદાયક લાંબી જાનલેવા બિમારી હોય. વ્યક્તિને તેમાંથી છૂટા થવાની કોઈ આશા જ નથી. લોકો ઉદાસીન, મનોવિક્ષિપ્ત બની જાય છે. તેઓ મદદ માટે રડતા નથી. તેઓ તેમના નસીબ પર અંકુશ મેળવવાનો પ્રયાસ કરે છે. પરંતુ દુ:ખ દૂર કરી શકતા નથી. જેમાંથી બહાર આવવાનો એક માત્ર રસ્તો તેમને દેખાય છે જે તે છે મૃત્યુ. જેને આપણે ઈચ્છા મૃત્યુ કહીએ છીએ. દુયિાના ઘણા દેશોમાં વ્યક્તિની ઈચ્છા મૃત્યુની માંગને સ્વીકારી છે. કયારેક કોઈ વ્યક્તિ કોઈ ફૂલ કરી બેસે છે. ત્યારબાદ તેને તેનો અફસોસ થાય તે સ્વાભાવિક છે. પરંતુ સાથે તે પોતાની જાતને ખૂબ જ નીચી જૂએ છે. તેને કુટુંબ,સમાજનો ડર લાગે છે તે મારા માટે શું વિચારશે ? મને સ્વીકારશે કે કેમ વગેરે... અંતે તે આપઘાત કરી લે છે. બેકારી કે જીવન જીવવા અને ઈચછાઓ પૂર્ણ કરવા માટે, કુટુંબનું નિર્વાહ કરવા કે ધંધામાં આર્થિક અત્યંત ભીડ હોય, ખૂબ દેવું થઈ ગયું હોય ત્યારે તેમાંથી છૂટકારો મેળવવા કેટલાક લોકો આત્મહત્યા કરી લેતા હોય છે. અન્ય એક કારણ સંબંધોનું પણ છે. કેટલાક વ્યક્તિને પોતાની નજીક ગણતી વ્યક્તિ સાથે સંબંધની સમસ્યા ઊભી થાય. જેમ કે પ્રેમ કે પ્રેમના સંબંધો. કુટુંબના પાત્રો વચ્ચેના સંબંધોમાં વચ્ચે તિરાડ ઊભી થાય ત્યારે પણ આપઘાતના કિસ્સા જોવા મળે છે. જો યોગ્ય સમયે જાણકારી થાય તો દરેક પરિબળો કે કારણો પર કાબૂ મેળવી આપઘાત કરનાર વ્યક્તિને બચાવી શકાય છે. પણ જેટલા લોકોએ આપઘાત કરી લીધો છે. તેઓએ આપઘાત અંગેની પોતાના મનની વાત કોઈને કરી હોતી નથી. આ એક એવા પ્રકારનો નિર્ણય છે કે ખૂબ જ આવેગ-લાગણીમાં આવીને તાત્કાલિક લીધેલો નિર્ણય છે. આત્મઘાતી પગલું પ્રસાર માધ્યમોમાં વ્યાપેલું રહે છે. કારણ કે જિંદગી કિંમતી છે. (ક્રમશ:)